ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

મરતાને બચાવવો સહેલો છે
કારણ કે એને બચવું છે
પરંતુ બગડેલાને સુધારવો
અઘરો છે
કારણ કે સુધરવું કોને છે ?

## જન્મદિને વધામણી



તુષાર બારોટ
નિવાસી તંત્રી,
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૮૭૯૪ ૮૨૨૩૬



વાસુ આર ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨



પરી દિપકભાઈ પરમાર
મો. ૯૦૫૪૬ ૯૯૧૪૪

# સ્વતંત્રતા દિવસ અને જન્માષ્ટમીની ઉત્સાહપૂર્ણ ઉજવણી





**શ્રી જે બી પ્રાથમિક શાળા**

શ્રી જે બી પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓ, શિક્ષકો દ્વારા દહીં હાંડી અને જન્માષ્ટમી પર્વની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. આચાર્ય નીવાબેન પટેલ અને સ્ટાફ પરિવારે બાલકૃષ્ણને પારણે ઝુલાવી આરતી ઉતારી હતી.

**સિદ્ધાર્થ લો કોલેજ**

સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર ખાતે જન્માષ્ટમીની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા મટકીફોડનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓ અને કૉલેજ પરિવારે ઉત્સાહથી ભાગ લીધો હતો.

સ્વતંત્રતા દિવસની ઉજવણી અંતર્ગત ધ્વજવંદન ઉપરાંત રાષ્ટ્રગીત, શૌર્યગીતો અને દેશભક્તિ ગીતોનો કાર્યક્રમ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. આચાર્ય ડૉ. દિલીપ મેવાડાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન આપ્યું હતું.

**શ્રી જોઇતારામ શંકરદાસ પટેલ વિદ્યામંદિર**

શ્રી જોઈતારામ શંકરદાસ પટેલ વિદ્યામંદિર, રાંધેજા ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયા તેમજ સ્વતંત્રતા દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય શૈલેષભાઈ જી પટેલ, રાજેશભાઈ યુ ગજ્જર, સુરેખાબેન પી પટેલે વિદ્યાર્થીઓને પ્રેરક સંબોધન કર્યું હતું.

**શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય**

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅકટર-૭ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ એસ આર ચૌધરી, મંત્રી શંકરભાઈ ચૌધરી, ડી જી ચૌધરી, યશવંતભાઈ ચૌધરી અને મંડળ સંચાલિત શાળા, કૉલેજના આચાર્યો, સ્ટાફ, વાલીઓ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઍસ આર ચૌધરીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમણે પ્રેરણાદાયક વક્તવ્ય પણ આપ્યું હતું. આચાર્ય પ્રવીણાબેન ચૌધરીના માર્ગદર્શનમાં વિદ્યાલયની વિદ્યાર્થીની ઉપાસના ચૌધરી અને શિક્ષક ઉષાબેન દરજીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

**સર્વ વિદ્યાલય પરિસર**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી માણેકલાલ શિક્ષણ સંકુલ ખાતે જે બી પ્રાથમિક શાળા, શેઠ સી ઍમ હાઈસ્કૂલ, શ્રીમતી ઍમ બી પટેલ અંગ્રેજી માધ્યમ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા અને '૨૧મી સદીનું ભારત' વિષયે નિબંધ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

શ્રી જે બી પ્રાથમિક શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે અતિથિઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે શેઠ સી ઍમ હાઈસ્કૂલનાં ઈન-ચાર્જ પ્રિન્સિપાલ મહેશભાઈ ખોરસમાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી જે બી પ્રાથમિક શાળા દ્વારા કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ટોઈલેટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ઍનાબેલ (અંગ્રેજી)
૩.૦૦, ૭.૩૦
ઍનાબેલ (હિન્દી)
૫.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
તંબુરો (ગુજરાતી)
૧૨.૩૦, ૩.૦૦
૭.૪૫, ૧૦.૦૦
પાર્ટીશન ૧૯૪૭
૫.૩૦

**સ્ક્રીન-૫**
બૅરિલી કી બરફી
૧૦.૦૦, ૧૨.૪૫,
૩.૪૫, ૧૦.૧૫
પાર્ટીશન ૧૯૪૭
૮.૦૦

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત

# શ્રી જે એમ ચૌધરી વિદ્યાલય ખાતે મહિલા પખવાડિયાની ઉજવણી કરાઈ

## સ્વાસ્થ્ય વિશે વક્તવ્ય અને કૉલેજની મુલાકાત ગોઠવાઈ

ગાંધીનગર, તા. ૨૦

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ અને મહિલા શિક્ષણ, કારકિર્દી અંગે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ અંતર્ગત યોગ વિષયે શિક્ષક માલતીબેન ભટ્ટ દ્વારા અને ધ્યાન વિશે વિદ્યાર્થીની રૂદ્રી શુક્લ દ્વારા વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય પ્રવીણાબેન ચૌધરી દ્વારા પણ પ્રેરક વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

મહિલા શિક્ષણ, કારકિર્દી અંગે માર્ગદર્શન કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીનીઓને કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની મુલાકાત કરાવવામાં આવી હતી. ૮૦ વિદ્યાર્થીનીઓ અને ૩ શિક્ષકો આ મુલાકાતમાં જોડાયાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શિક્ષક માલતીબેન ભટ્ટ અને ઉષાબેન રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સરકારી વિજ્ઞાન કૉલેજ દ્વારા લાઈબ્રેરી ડે ઉજવાયો



સરકારી વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગરના ગ્રંથાલય વિભાગ દ્વારા તાજેતરમાં નૅશનલ લાઈબ્રેરી ડેની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને સ્ટાફ આ ઉજવણીમાં સામેલ થયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નિવૃત્ત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના મદદનીશ ગ્રંથપાલ નિયામક ડૉ. યશવંદભાઈ જોષી, ગ્રંથપાલડૉ. પંકજભાઈ ગોસ્વામી અને ગુજરાત કૉલેજના ઈતિહાસ વિભાગના અધ્યાપક ડૉ. જનકભાઈ ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

લાયબ્રેરી ડે અંગેનો પરિચય કૉલેજનાં લાઈબ્રેરીયન જયશ્રીબેન પંડ્યા દ્વારા આપવામાં આવ્યો હતો. આચાર્ય ડૉ. કે જી છાયા દ્વારા વાચનનું મહત્ત્વ અને પુસ્તકની પસંદગી વિષયે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. અતિથિઓએ વાચનના મહત્ત્વ ઉપરાંત કાગળની શોધથી માંડીને હસ્તપ્રતો અને મુદ્રણકળાથી માંડીને ગ્રંથ શબ્દ ક્યાંથી આવ્યો તે અંગેની વિગતવાર, રસપ્રદ માહિતી વિદ્યારથીઓને પૂરી પાડી હતી.

વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે વિદ્યાર્થી મેહુલ ગઢવીએ પુસ્તકો અને વાચન વિશેના પોતાના અનુભવો જણાવ્યા હતા, જેમને આચાર્ય દ્વારા રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જિજ્ઞાસા જે વાઘેલા દ્વારા અને આભાર દર્શન ગ્રંથાલય સમિતિના અધ્યક્ષ ડૉ. જી આર પટેલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. ડી એ ઓડેદરા અને ડૉ. ઍસ ઍચ ગૉર દ્વારા સક્રિય સહાય પૂરી પાડવામાં આવી હતી.

# સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરી કૉલેજોની મૅનેજમૅન્ટ ક્વોટાની ૭ હજારથી વધુ બેઠકો ખાલી પડી

ગાંધીનગર, તા. ૨૦

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટેની પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે. છેલ્લા કેટલાય વર્ષોથી ડિગ્રી ઈજનેરીમાં મોટાપાયે બેઠકો ખાલી પડતી હોવાથી સ્વનિર્ભર કોલેજ સંચાલકો પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ પોતાની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પ્રવેશ સમિતિમાં જમા કરાવી દેતાં હોય છે.

આ વખતે કુલ ૧૩૦ સ્વનિર્ભર કોલેજો પૈકી ૬૦થી વધારે સ્વનિર્ભર કોલેજોએ પોતાની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો જમા કરાવી દીધી હતી. પરંતુ ૬૯ કોલેજોએ આ બેઠકો જમા કરાવી નહોતી. સ્વનિર્ભર કોલેજો પાસે રહેલી મેનેજમેન્ટ ક્વોટાની ૧૦૯૮૬ બેઠકો પૈકી ૭ હજારથી વધારે બેઠકો ખાલી પડી હોવાની વિગતો બહાર આવી છે.

સ્વનિર્ભર ડિગ્રી એન્જિનિયરિંગની પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા કેટલીક સ્વનિર્ભર કોલેજો પોતાની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પ્રવેશ સમિતિને ભરવા માટે આપી દેતા હોય છે. આ વખતે ૬૯ સ્વનિર્ભર ઈજનેરી કોલેજોએ મેનેજમેન્ટ ક્વોટાની ૧૦૯૮૬ બેઠકો પ્રવેશ સમિતિને સુપ્રત કરવાના બદલે પોતાની પાસે રાખી હતી.

સામાન્ય રીતે મેનેજમેન્ટ ક્વોટામાં જે વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હોય તે સરકારી કોલેજ અથ?વા તો અન્ય કોલેજમાં પણ પ્રવેશ લઈ રાખતાં હોવાથી વાસ્તવમાં કેટલી બેઠકો ખાલી પડે છે તેની વિગતો પ્રવેશ સમિતિને મળતી નથી. આ વખતે પ્રવેશ સમિતિએ ખાસ મોડ્યુલ તૈયાર કરીને દરેક સ્વનિર્ભર ઈજનેરી કોલેજોને પોતાની કેટલી બેઠકો ભરાઈ અને ખાલી પડી તેની વિગતો આપવા સૂચના આપી હતી. જે પ્રમાણે ૬૯ કોલેજો પાસે રહેલી મેનેજમેન્ટ ક્વોટાની ૧૦૯૮૬ બેઠકો માટે ૬૫૨૬ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. સૂત્રો કહે છે જેમને બેઠકો ફાળવવામાં આવી તે પૈકી ૩૦૫૬ વિદ્યાર્થીઓએ જ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. જે વિદ્યાર્થીઓ બેઠકો ફાળવવામાં આવી હતી તે પૈકી ૨૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ લેવા ઈન્કાર કરી દીધો હતો. જેના કારણે મેનેજમેન્ટ ક્વોટાની ૧૦૯૮૬ બેઠકો પૈકી માત્ર ૩ હજાર બેઠકો ભરાતા ૭ હજારથી વધારે મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ખાલી પડી હતી. જે સ્વનિર્ભર કોલેજોએ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પોતાની પાસે રાખી તેમાંથી પણ માત્ર ૩ હજાર બેઠકો ભરાઈ શકી હતી. એટલે કે સ્વનિર્ભર ઈજનેરી કોલેજોની મેનેજમેન્ટ ક્વોટાની ૭ હજારથી વધારે બેઠકો ખાલી પડી છે.

# CBSE સ્કૂલ્સ દ્વારા ફીમાં રાહત માટે વાલીઓએ હજુ થોડી રાહ જોવી પડશે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યમાં ખાનગી સ્કૂલોની ફી નક્કી કરવા માટે ફી કમિટીની રચના બાદ હાલમાં લગભગ તમામ કાર્યવાહી પૂર્ણતાના આરે છે ત્યારે હજુ CBSE સ્કૂલોના વાલીઓને રાહત મળે તેમ નથી. રાજ્યની મોટાભાગની CBSEસ્કૂલો ફી નિયમન વિધેયકની સામે કોર્ટમાં ગઈ છે અને કોર્ટમાં તેમની મેટર પેન્ડિંગ છે ત્યારે આ સ્કૂલોની ફીને લઈને ભારે વિવાદ ચાલી રહ્યો છે. એક બાજુ સરકાર દ્વારા માત્ર ત્રણ માસની જ ફી વસૂલવા આદેશ કર્યો છે. જ્યારે CBSE સ્કૂલો કોર્ટમાં મેટર પેન્ડિંગ હોવાથી બીજા ક્વાર્ટરની ફી પણ વસૂલી રહી છે અને કોર્ટના ચુકાદા બાદ આ સ્કૂલોની ફી નક્કી કરવામાં લાંબો સમય જાય તેમ હોઈ વાલીઓ અકળાયા છે.

રાજ્યની સ્કૂલો દ્વારા લેવાતી બેફામ ફી સામે સરકારે ફી નિયમન વિધેયક પસાર કરીને સ્કૂલોની ફી પર લગામ કસવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં સરકારે ખાનગી સ્કૂલોની ફી નક્કી કરી હતી અને આ ફી કરતા વધુ ફી લેવા માંગતી સ્કૂલોએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની હતી. પ્રાથમિક સ્કૂલો માટે રૂ.૧૫ હજાર, માધ્યમિક સ્કૂલો માટે રૂ. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો માટે રૂ. ૨૭ હજારની ફી સરકારે નક્કી કરી હતી અને આ ફી કરતા વધુ ફી માટે દરખાસ્ત કરવા સ્કૂલોને સુચના આપી હતી.

રાજ્યમાં આવેલી CBSE સ્કૂલો દ્વારા ઉંચી ફી વસૂલવામાં આવતી હોઈ તેમના માટે જ ખાસ કાયદાની જરૂર પડી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પરંતુ સરકારના કાયદા બાદ રાજ્યની મોટાભાગની CBSE સ્કૂલોએ કોર્ટનો આશરો લેતા હાલમાં આ તમામ સ્કૂલોની ફી નક્કી કરવાની કાર્યવાહી અટકી પડી છે અને કોર્ટના ચુકાદા બાદ તેમની ફી નક્કી કરાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. એક બાજુ જે સ્કૂલો કોર્ટમાં ગઈ નથી તે સ્કૂલોની ફી હવે ટૂંક સમયમાં નક્કી કરી દેવામાં આવનાર છે અને જે સ્કૂલો કોર્ટમાં ગઈ છે તેમાં કોર્ટના આદેશ બાદ આગળની કાર્યવાહી કરવામાં આવનાર છે.

આ દરમિયાન સરકાર દ્વારા ફી નક્કી ન થાય ત્યાં સુધી માત્ર ત્રણ માસની જ ફી ભરવા માટે આદેશ કર્યો હતો. જોકે, હવે CBSEની સ્કૂલો બીજા ક્વાર્ટરની ફી પણ વાલીઓ પાસેથી વસૂલવા માંડી છે અને કોર્ટની કાર્યવાહીમાં લાંબો સમય જશે તેમ જણાવી વાલીઓ પાસે બીજા ક્વાર્ટરની ફી વસૂલતા વાલીઓમાં રોષ ફેલાયો છે. કોર્ટના ચુકાદા બાદ આ સ્કૂલોની ફી નક્કી કરવાની થાય તો દરખાસ્ત મંગાવ્યા બાદ કમિટી હિયરિંગ કરી ફી અંગેના ઓર્ડર ઈશ્યુ કરશે એવા સમાચાર પ્રાપ્ત થયા છે.

## ડેઈલી કરંટ



દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયાની ટેકનીકલ સમિતિના નવા અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) નાગેશ કુકુનૂર (બી) પ્રસૂન જોષી
(સી) શ્યામ બૅનેગલ (ડી) અનુપમ ખેર

(૨) વિશ્વ મધમાખી દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?
(એ) ૧૮ ઑગષ્ટ (બી) ૧૯ ઑગષ્ટ
(સી) ૨૧ ઑગષ્ટ (ડી) ૨૦ ઑગષ્ટ

(૩) ૨૦૧૭માં કયા રાજ્યમાં મંત્રી સ્મૃતિ ઈરાનીએ ઓરિએન્ટ ક્રાફ્ટ લિમિટેડ કંપનીનું ઉદ્‌ઘાટન કર્યું છે ?
(એ) ઓડિસા (બી) કેરલ
(સી) બિહાર (ડી) ઝારખંડ

(૪) નિકોલ કુદાશેવ ભારતમાં કયા દેશના નવા રાજદૂત નિયુક્ત કરવામાં આવ્યા છે ?
(એ) રશિયા (બી) સર્બિયા
(સી) મંગોલિયા (ડી) અમેરિકા

(૫) ૨૦૧૭માં કયા દેશે નવી જીપીએસ સિસ્ટમ માટે માચીબિકી નં. ૩ ઉપગ્રમનું પ્રક્ષેપણ કર્યું છે ?
(એ) ચીન (બી) સિંગાપુર
(સી) જાપાન (ડી) દક્ષિણ કોરિયા

(૬) આઈસીસીની પ્રસિદ્ધ થયેલી નવી વન ડે રેન્કિંગમાં પ્રથમ સ્થાન કયા ખેલાડીને મળ્યું છે ?
(એ) વિરાટ કોહલી (બી) ડેવીડ વોગર
(સી) હાશિમ અમલા (ડી) શિખર ધવન

(૭) રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ રૂપિયા ૫૦ની નવી નોટ જાહેર કરી છે, તે નોટનો રંગ કયો છે ?
(એ) પર્પલ (બી) ગ્રીન
(સી) પિન્ક (ડી) ફ્લોરોસન્ટ બ્લુ

(૮) ૨૦૧૭માં કયા સ્થળે ભારત-જાપાન વચ્ચે બીજી સાઈબર ચર્ચા થઈ હતી ?
(એ) મુંબઈ (બી) દિલ્હી
(સી) ચેન્નઈ (ડી) ગાંધીનગર

(૯) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે કયા બે સ્થળો વચ્ચે બીજી બુલેટ ટ્રેનને મંજૂરી આપી છે ?
(એ) દિલ્હી-ચંદીગઢ (બી) દિલ્હી-રોહતાંગ
(સી) દિલ્હી-આગ્રા (ડી) દિલ્હી-અમૃતસર

(૧૦) ૨૦૧૭માં ટ્રાઈ સંસ્થાએ કૉલ ડ્રૉપ મામલે મોબાઈલ કંપનીઓને કેટલા લાખ સુધીનો દંડ કરવાની જોગવાઈ કરી છે ?
(એ) ૫ લાખ (બી) ૧૦ લાખ
(સી) ૧૫ લાખ (ડી) ૨૦ લાખ

# ડિસેમ્બરમાં અમદાવાદ ખાતે વર્લ્ડ યુથ ચેસ ઓલમ્પિયાડ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન અને ફીડે (વર્લ્ડ ચેસ ફેડરેશન)ના નેજા હેઠળ વર્લ્ડ યુથ (અન્ડર-૧૬) ચેસ ઓલમ્પીયાડ-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૭થી શરૂ થઈ તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૭ સુધી કર્ણાવતી ક્લબ, ગોલ્ડન ગ્લોરી હોલ, એસ જી હાઈવે, અમદાવાદ ખાતે યોજવામાં આવશે.

ગુજરાત સ્ટેટ ચેસ એસો.ના સેક્રેટરી ભાવેશ પટેલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે આ ટુર્નામેન્ટમાં ૧૬ વર્ષ કરતાં ઓછી વય ધરાવતા ખેલાડીઓ (છોકરાઓ તેમજ છોકરીઓ) ભાગ લઈ શકશે. ૩૦૦ જેટલા પ્રતિભાશાળી ખેલાડીઓ દુનિયાના ૬૦થી વધુ દેશમાંથી ભાગ લેવા આવશે. આ ટુર્નામેન્ટ ટીમ ફોર્મેટમાં રમાડવામાં આવશે, જેમાં કુલ પાંચ ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવશે. એટલે કે પ્રત્યેક દેશ તરફથી એક ટીમ કે જેમાં પાંચ ખેલાડીઓનો સમાવેશ થાય છે તેવી ૬૦ ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આવશે. આ પાંચ ખેલાડીઓ પૈકી એક ખેલાડી છોકરી હોવી આવશ્યક છે.

પાંચ શ્રેષ્ઠ ટીમોને એવોર્ડ દ્વારા નવાજવામાં આવશે જ્યારે ૬ મેમ્બરની શ્રેષ્ઠ ટીમને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલથી નવાજવામાં આવશે. આ ઉપરાંત ગર્લ્સ માટે તેમજ શ્રેષ્ઠ બોર્ડને પણ ઈનામો આપી સન્માનિત કરવામાં આવશે.

ટુર્નામેન્ટ અંતર્ગત કુલ ૯ રાઉન્ડ ફીડે સ્વિસ સિસ્ટમથી રમાશે. પેરીંગ, સ્કોરીંગ અને ટાઈ બ્રેકના નિયમો ચેસ ઓલમ્પિયાડના નિયમોને આધિન રહેશે. ઝીરો ટોલરન્સ નિયમ મુજબ આ ટુર્નામેન્ટ ૯૦ મિનીટ અને ૩૦ સૅકન્ડ ઈન્ક્રીમેન્ટ સાથે રમાશે. પ્રત્યેક મેચ બે ટીમ વચ્ચે ૪ બોર્ડ પર રમાશે.

ચીફ ઓર્બિટર તરીકે આર અનન્થરામ અને ડેપ્યુટી ઓર્બિટર તરીકે ધર્મેન્દ્રકુમાર તેમજ ગોપાકુમાર સુધાકરન કે જેઓની ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન અને ફિડે દ્વારા સીધી નિમણૂંક કરવામાં આવી છે તેઓ ફરજ બજાવશે. સહાયક ઓર્બિટર તરીકે વિન્પેશ ભારદ્વાજ, મુથુકુમાર, રાજીન્દર શર્મા, આઈ જી પરમાર, મંજુનાથ એમ, એચ દિનેશ, અસિત ચૌધરી, સ્વપ્નીલ બનસોદ, અંબરિષ જોષી તેમજ આનંદ બાબુ પોતાની સેવાઓ આપશે.

ટુર્નામેન્ટનો ઉદ્‌ઘાટન સમારોહ ૧૦ ડિસેમ્બરના રોજ રાત્રે ૮ કલાકે યોજવામાં આવશે, ટેકનીકલ મિટીંગ રાત્રે ૯ કલાકે યોજવામાં આવશે. પ્રથમ રાઉન્ડ ૧૧ ડિસેમ્બરના રોજ બપોરે ૨.૦૦ કલાકે શરૂ થશે. ઈનામ વિતરણ સમારોહ ૧૮ ડિસેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે યોજાશે.

ટુર્નામેન્ટની ઓફિશિયલ વેબસાઈટ લોન્ચ કરી દેવામાં આવી છે. ટીમનું રજિસ્ટ્રેશન પર શરૂ થઈ ગયું છે. વેબસાઈટ છે :
www.wyco2017.com

ઉલ્લેખનીય છે કે આ ટુર્નામેન્ટના ટૉપ ટેબલ્સનું જીવંત પ્રસારણ આ વેબસાઈટના માધ્યમથી કરવામાં આવશે.